॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં -૨૦૭૮ ● ચૈત્ર સુદ–૧૦ ● તા.૧૧–૦૪–૨૨ ● સોમવાર SDP NO:714 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

વાંઢાય રામજન્મોત્સવની ઊજવણી : કચ્છભરમાં મર્યાદા પુરુષોત્તમના પ્રાગટ્યની ધામધૂમથી ઉજવણી...

જિલ્લા ભરના વિવિધ સ્થળોએ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવ રામનવમીની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી . આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો સહિત શોભાયાત્રા યોજાઈ હતી.

વાંઢાય : ઉમિયા માતાજી મંદિરે વાર્ષિક પાટોત્સવમાં સંત ઓધવરામજી મહારજનો જન્મોત્સવ અને રામ મંદિરે રામ જન્મની ઉજવણી કરાઈ હતી . પરંપરાગત મેળામાં કચ્છભરમાંથી લોકો ઉમટ્યાં હતાં . માનકુવા પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન હેઠળ બંદોબસ્ત ગોઠવાયો હતો .

નખત્રાણા : સમસ્ત હિન્દુ સમાજ દ્વારા વિશાળ રેલી યોજાઈ હતી . જે વિવિધ વિસ્તારોમાં પસાર થઈ હતી . રેલીમાં રામ પરિવારની વેશ ભૂષામાં લોકો જોડાયા હતા.

નખત્રાણા : ૩૫૦ વર્ષ પુરાણાં મંદિર ભગવાન લક્ષ્મી નારાયણ , ઠાકર મંદિરને શણગારાયું હતું . બપોરે પુજારી વૈષ્ણવ દિપકભાઈ દેવકૃષ્ણ સાધુએ આરતી ઉતારી હતી . બ્રહ્મક્ષત્રિય શૈલેશભાઈ , પ્રસાદ વિતરણ વ્યવસ્થા મનીષભાઈ શોની , બિપિનભાઈ શોની , પુષ્કરભાઈ સાધુ , રાઘવ સાધુએ સંભાળી લીધી હતી . પ્રસાદીના દાતા પલણ સતિષભાઈ ભરતભાઈ રહ્યા હતા.

રવાપર : સમસ્ત હિન્દુ સનાતન સમાજ લખપત દ્વારા રથયાત્રા યોજાઈ હતી . જે રવાપર પહોંચતા સમસ્ત હિન્દુ સમાજે સામૈયા સાથે આરતી , પૂજન કર્યું હતું . રથયાત્રા નવાવાસ , ઘડાણી , હરીપર , વાલ્કા નાના – મોટા , પાનેલી થઈ દયાપર ઘર્મ સભા સાથે સમાપન થઈ હતી . રવાપર લક્ષ્મીનારાયણ મંદિરમાં પાટીદાર સમાજે આરતી , પૂજન કર્યું હતું.

જીયાપર : સાપ્તાહિક સત્સંગ કેન્દ્રમાં ઉજવણી નિમિતે આરતી , પૂજા , ભજન , કીર્તન કરાયા હતા . રવજીભાઈ પોકારે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું . શિવજીભાઈ પોકાર , કૃષ્ણકાંત બી પંડ્યા , નંદુભાઈ જબુઆણી , કરમશીભાઈ ચોપડા , છગનભાઈ ચોપડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કોટડા (જ) : રામ મંદિર અને લક્ષ્મીનારાયણ મંદિરે પૂજન , આરતી બાદ બપોર પછી શોભાયાત્રામાં સમસ્ત ગ્રામજનો જોડાયા હતા . સાંજે મહાઆરતીમાં વિવિધ સમાજના લોકો જોડાયા હતા . પૂજન આચાર્ય વિવેકભાઈ જોશીએ કર્યું હતું. વાંઢાય મુકામે આ અવસરે દર વર્ષની જેમ પરંપરાગત મેળો ભરાયો હતો . જેમાં કચ્છભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા . ખાણી પીણી કટલેરી રમકડાંના સ્ટોલ રાખવામાં આવ્યા હતા.સાથે નાના છોકરા નાના ચકડોળ માં બેસીને આનંદ મેળવ્યો હતો . મેળામાં માનકુવા પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન હેઠળ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો . આ મેળા માં કચ્છભર માંથી લોકો ઉમટી પડ્યા હતા . અત્રે ૧૨૦૦૦ થી વધું જન સંખ્યામાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. આજુ બાજુ ના ૨૨ પાટીદાર ગામના યુવાઓ એ સેવા બજાવી હતી.

ઉમિયા માતા વંઢાય માં રામનવમી ના અનેરા પ્રસંગે સતત ૦૨ દિવસ ભક્ત જનો અને દર્શનાર્થી ઓ ખૂબ મોટી સંખ્યા માં આવે છે ત્યારે મહા પ્રસાદના સ્વૈચ્છિક દાતાઓ.

	Dt. 09/04/2022	
	રામનવમી પ્રસંગે ભોજનના દાતાના	**નોંધેલ**
1	સ્વ. સવગણભાઈ પચાણ ચૌહાણ-ભુજ	21,000
2	હંસરાજભાઈ દેવજી ધોળુ-ભુજ	21,000
3	રતનબેન શામજી હરજી ધનાણી-નખત્રાણા	21,000
4	મણિલાલભાઈ હીરજી ભગત-બિડડા	21,000
5	પ્રવિણભાઈ નારણ ધોળુ-નાગલપર	11,000
6	ડો. કે. વી. પાટીદાર-ખેડોઈ	11,000
7	કાન્તિલાલ હીરજી માવાણી-દેશલપર	11,000
8	નાનજી દેવશી ભાવાણી હ. ઈશ્વરભાઈ-કોટડા ચ.	11,000
9	જયાબેન ડો.પ્રેમજીભાઈ ગોગારી-ગાંધીધામ	21,000
10	મહેન્દ્રભાઈ શીવદાસ માવાણી-ઘાટકોપર	11,000
11	રતનશીભાઈ સોમજી ભીમાણી-દેવપર	12,000
12	વિરજીભાઈ હીરજી રૂડાણી-ગુણાતીતપુર	11,000
13	રવિલાલ કેશરા રામજીયાણી-ઘાટકોપર	11,000
14	ઈશ્વરલાલ માવજી માવાણી-નાશિક	11,000
15	કાન્તિલાલ વાલજી પોકાર-ગાંધીધામ	21,000

વિવિધ વિકાસના નવનિર્મિત અને રીનોવેશનના દાતાઓ આ પ્રસંગે નોંધાયા જેમનું અભિવાદન કરવામાં આવેલ

	પથિકાશ્રમ ભુવનના રૂમના રીનોવેશન દાતા	
1	શરદકુમાર શાન્તિલાલ માવાણી	1,51,000
2	સ્વ.માતૃશ્રી વાલાંબેન રવજી ભગત	1,51,000
	હ. પરસોત્તમભાઈ,હરીભાઈ, દિનેશભાઈ	
	ઉઘેડી-અંકલેશ્વર	
3	શામજીભાઈ નારણ નાકરાણી	1,51,000
	ઉમિયા ભુવનના રૂમના રીનોવેશન દાતા	
1	અબજીભાઈ વિશ્રામ કાનાણી-પ્રમુખશ્રી ક.ક.પા.સમાજ	1,00,000

માં ઉમા ના મંદિર ની ધજા રોહણ કાર્ય

ઉમિયા સંસ્થાન માં માથે કળશ સાથે સ્વાગત કરતી બાળાઓ.

નખત્રાણા પશ્ચિમ વિભાગ સમાજ ના મહિલા મંડળ આયોજિત રામનવમી નિમિત્તે હવન રાખેલ તેની આછેરી ઝલક.

કચ્છ પાટીદાર સમાજ જબલપુર શ્રી રામ જન્મોત્સવ

શ્રી કચ્છ પાટીદાર સમાજ જબલપુર મધ્યે શ્રી લક્ષ્મીનારાયણ, કુલદેવી માં ઉમિયા, અને ગણપતિ મંદિર પાટોત્સવ પ્રસંગ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ જન્મોત્સવ ઉલ્લાસભેર વાતાવરણમાં ઉજવાયો હતો. આજ ના મંગલમય શુભ પ્રસંગે શ્રી કચ્છ પાટીદાર સમાજ જબલપુર, મહિલા મંડળ અને યુવક મંડળ ની કારોબારી સભ્યો સાથે સમગ્ર સમાજ ના સભ્યો સામેલ થયા હતા. સમાજ ને પ્રમુખ શ્રી સંતોષ ભાઈ સામાણી એ પોતાના ઉદબોધન માં સર્વે દાતાઓ નો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આવોજ ઉત્સાહ દરેક પ્રસંગો માં રહે એવી પ્રાર્થના ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, કુલદેવી માં ઉમિયા માતાજી અને ગણેશ જી પાસે કરેલ. ઉપસ્થિત રહ્યા સર્વે સમાજ જનો નો ધન્યવાદ કરેલ હતો.

નખત્રાણા શહેરમાં રામના નામની મહારેલી

આજ રોજ રામનવમી નિમિત્તે પ્રભુ શ્રીરામ ની મહારેલી નું આયોજન કરવામાં આવેલ. બપોર પછી શંકર વિજય સો મીલ થી નવાવાસ, બસ સ્ટેશન વિસ્તારથી, જુનાવાસ, પંચવટી હનુમાન... જ્યાં ૧૦, મીનીટ ના વિરામ બાદ પંચવટી ગ્રુપ દ્વારા સરબત વિતરણ કરવામાં આવેલ. ત્યારબાદ જુનાવાસ વથાણ ચોક, ફન : ફ્રુટ દ્વારા છાસ વિતરણ ત્યાર બાદ મણીનગર આખરી પ્રસ્થાન કરવામાં આવેલ. જેમાં સંતો, નગરજનો અને પાટીદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજે શ્રી રામનવમી નિમિતે શ્રી દેવપર લક્ષ્મીનારાયણ મંદિર મા દાતાઓ દ્વારા ધજા બદલાવવાનો કાર્યક્રમ દરમિયાન મહાઆરતી, બપોરના મહાપ્રસાદ સાથે.

વિથોણ સમસ્ત હિન્દુ જ્ઞાતિ શ્રી રામ ભગવાન નગર યાત્રા

વિથોણ ગામ ના ઈતિહાસ માં પ્રથમ વખત ભગવાન શ્રી રામ ની ભવ્ય નગર યાત્રા સમસ્ત હિન્દુ સમાજના ભાઈઓ બહેનો સાથે નિકળી – જય જય શ્રીરામ

નાગપુર લકકડગંજ સમાજ ભવનમાં શ્રીરામ જન્મોત્સવ હર્ષોઉલ્લાસ અને ભવ્યતાથી ઉજવાયો.

અત્રે નાગપુર માં તા.૧૦.૦૪.૨૦૨૨ ને રામનવમી ના રોજ શ્રી પાટીદાર યુવક મંડળે,શ્રી પાટીદાર મહિલા મંડળ ના સહયોગ થી લગભગ સમાજના ઈતિહાસ માં પ્રથમવાર ભગવાન શ્રીરામ જન્મોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ, જેમાં સમાજના જ્ઞાતિજનો ની ભરપૂર હાજરીથી સમાજ હૉલ પણ નાનો પડેલ હતો.કોરોના સમયકાળ પછી ઘણા મહિનાઓ પછી આ આયોજન થકી સહુ સાથે મળેલ હતા જેમાં ખુશી ની કોઈ સીમા નહોતી અને પાટીદાર સમાજ રામમય બની ગયેલ હતુંઅને સહુના ચહેરા પર ભક્તિ અને સંતોષ ની લાગણી જોવા મળેલ હતી.

સહુપ્રથમ સવારના ૯.૦૦ કલાકે શ્રીરામ ના જીવન ચરિત્ર સમાજના ભૂલકાઓ તથા નાની બહેનો દ્વારા ભક્તિમય સંસ્કૃતિક કાર્યક્રમો કરેલ હતા જે સહુએ માણેલ હતા અને પાટીદાર બીટ્સના કલાકારો દ્વારા પ્રભુ શ્રીરામ ના ભજનોની રમઝટ બોલાવી હતી જેમાં સહુમાં ગજબ નો ઉત્સાહ જોવા મળતાં વાતાવરણ ભક્તિમય બની ગયેલ હતુ ત્યાર બાદ આરતી માટે ચડાવો લેવામા આવેલ જેમાં જગન્નાથ પલસેસ વાળા શ્રી પ્રકાશભાઈ નારણભાઈ રૂડાણી યશભાગી બનતાં તેમના પરિવારે પૂજા અર્ચના તેમજ આરતી કરેલ હતી.

અત્રે આ કાર્યક્રમ દરમ્યાન હાલમાં શ્રી પાટીદાર સમાજના નવા વરાયેલા પ્રમુખ શ્રી શાંતિલાલ નાનજીભાઈ પોકાર તેમજ માનદ મંત્રી શ્રી કાંતિલાલ ગોપાલભાઈ દિવાણી નું સહુની હાજરીમાં પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવેલ હતું. અંતમાં સમાજના સર્વે નાના મોટા ભક્તોએ શ્રીરામ ની મૂર્તિના દર્શન કરી ધન્યતા અનુભવેલ હતી કરી અને બપોરે મહાપ્રસાદ લીધાબાદ સર્વે ખુશી ખુશી વિખુટા પડેલ હતા.. પ્રતિનિધિ– મુળવંતરાય નાનજીભાઈ પોકાર.

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા ચૈત્ર નવરાત્રિ નાં શુભ પૂર્વમાં અષ્ટમી નિમિત્તે શ્રી સૂક્તમ્ હવન ની ઝલક તાઃ ૯–૪–૨૦૨૨ શનિવારે સ્થળ : પાટીદાર વાડી ઘાટકોપર

નડીઆદ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમી નિમિત્તે શોભાયાત્રા નું ભવ્ય આયોજન

નડીઆદ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમી નિમિત્તે શોભાયાત્રા નું ભવ્ય આયોજન કરવામાં આવેલ એ શોભા યાત્રા માં લગભગ ૩૫૦૦ સાડા ત્રણ હજાર થી એ વધારે લોકો શોભા યાત્રા માં જોડાયા તેમાં ૪૦ થી વધારે વિવિધ વેશ ભુસા ના ટેબ્લો સાથે વિશ્વ હિન્દુ પરીષદ ની સાથે મળી

ભવ્ય શોભાયાત્રા સંતરામ મંદિર થી નિકળી આપણી પાર્થનગર, નડીઆદ સમાજવાડી સુધી સાંજે સમાપન થયેલી અને સાંજે બે હજાર લોકો ની ભોજન વ્યવસ્થા આપણી નડીઆદ સમાજવાડી માં આપણી નડીઆદ સમાજ દ્વારા મહાપ્રસાદ નું આયોજન કરવામાં

માપસા યુવા મંડળ દ્વારા સ્થાનિક રાજકીય નેતા ની હાજરીમા યોજાયો રક્તદાન કેમ્પ....

Mission હેલ્થ એન્ડ ડિઝાસ્ટર

તા.૧૦/૦૪/૨૨ના *હોટેલ ગ્રેન્ડ કદંબા ખાતે શ્રી ણણ્શ યુવા મંડળ માપસા દ્વારા હેલ્થ : ડિઝાસ્ટર ના કનવિનર નીતિનભાઈ નાકરાણી ના નેજા હેઠળ રક્તદાન શીબીર નું પર્વ ની જેમ આયોજન કરવામાં આવ્યું મુખ્ય અતિથી તરીકે ગોવા BJP અધ્યક્ષ શ્રી સદાનંદ સેટ તનાવડે અને પોરવોરીમ ના MLA (પર્યટન મંત્રી)શ્રી રોહન ખઉંટે ઉપસ્થિત રહ્યા હતા. અતિથિઓ નું મહિલા મંડળ દ્વારા કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યુ.ત્યારબાદ સમાજ ના પ્રમુખશ્રી શાંતિભાઈ નાકરાણી સમાજ ના ઉપ પ્રમુખશ્રી વિઠ્ઠલદાસ ભાઈ પોકાર સમાજ ના મહામંત્રીશ્રી વાલજીભાઈ વાસાણી મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતી વિજયાબેન નાકરાણી યુવા મંડળ ના પ્રમુખશ્રી વિસનજી વાસાણી યુવા મંડળ ના ઉપપ્રમુખ શ્રી જગદીશ પોકાર યુવા મંડળ ના હેલ્થ : ડિઝાસ્ટર મંત્રી શ્રી નીતિન નાકરાણી દ્વારા અતિથિ દેવો ભવઃ આવેલા અતિથિ મેહમાનોનું પુષ્પગુચ્છ, સાલ,શ્રીફળ,મોમેંટો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવેલ. બ્લડ ડોનેશન કેમ્પ આયોજિત કરવા બદલ પધારેલ અતિથિઓ દ્વારા યુવા મંડળ ની વીશેષ નોંધ લેવા માં આવેલ સાથે સાથે આવતા સમય માં આવી જ રીતે જનસેવા ના કાર્યો નું આયોજન કરવા ની અપીલ કરેલ. રકતદાન શીબીર મા દાતાઓ દ્વારા *૫૯ બોટલ રકત એકત્ર કરીને દાન કરેલ.હેલ્થ : ડિઝાસ્ટર ટીમ કેકેપી યુવા મંડળ માપુસા.

ભારતીય જનતા યુવા મોરચા–અંકલેશ્વર નોટીફાઈડ દ્વારા અઝાદી કા અમ્રુત મહોત્સવ સંદ્રભે બાઈક યાત્રા યુવા પ્રમુખશ્રી રિતેષ અમ્રુતલાલ નાકરાણી ની આગેવાની મા નીકળી હતી. અને સ્વત્રંત સેના ની ના ઘરે થી માટી કળશ મા લઈ અને ગાંધીનગર ખાતે ભા.જ.પા પ્રદેશ કાર્યલય પર મોકલાવ્યા

વિરાણી મોટી નખત્રાણા માં પ્રભુ શ્રીરામ ભગવાન ની ભવ્ય શોભાયાત્રા રામજીમંદિર તથા સમસ્ત હિન્દુ સમાજ આયોજીત...